શ્રી કહાનગુરુદેવાય નમઃ

શ્રી વીતરાગાય નમઃ

શ્રી ભગવતી માતાય નમઃ

# શ્રી સીમંધરસ્વામિ દિગંબર જૈન મંદિર. વિલે–પારલે (મુંબઈ)

## અષ્ટાહનિકા પર્વ તા. ૧૭/૦૩/૨૦૨૪ થી ૨૫/૦૩/૨૦૨૪

### પ્રશ્ન–૧ નીચેના પ્રશ્નના જવાબ "હા" અથવા "ના" માં આપો. ગુણ–૨૫

| | | |
|---|---|---|
| ૧ | ક્ષાયિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માત્ર મનુષ્ય પર્યાયમાં થાય છે. | |
| ૨ | ઉષ્ણપાણી એ પાણીની વિકારી અવસ્થા છે. | |
| ૩ | તિર્યંચના જીવને અવધિજ્ઞાન હોઈ શકે નહીં. | |
| ૪ | પૂ. ગુરૂદેવશ્રીનો "પુરૂષાર્થ" એ જીવનમંત્ર હતો. | |
| ૫ | અતિન્દ્રિય સુખ અવિષમ નથી. | |
| ૬ | એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીનાં જીવોને ૧ થી ૩ ગુણ સ્થાન હોઈ શકે છે. | |
| ૭ | સુવર્ણપુરીમાં પૂ. બહેનશ્રીનાં વચનામૃત નંદિશ્વર જિનાલયમાં કોતરવામાં આવેલ છે. | |
| ૮ | સુધર્માસ્વામિ કેવળી ભગવાન પોદનપુરમાંથી નિર્વાણ પામ્યા છે. | |
| ૯ | ત્રણે કાળ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એજ એક મોક્ષમાર્ગ છે. | |
| ૧૦ | સ્વયંભૂસ્તોત્રમાં આદિનાથ ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે. | |
| ૧૧ | નવમા ગુણસ્થાનમાં ચાર પૈકી એક સંજ્ઞા હોય છે. | |
| ૧૨ | સામાન્ય અને વિશેષ ગુણોમાં ક્ષેત્ર અપેક્ષાએ ભેદ છે. | |
| ૧૩ | તિર્યંચ ગતિમાં છ લેશ્યાઓ પૈકી છયે લેશ્યાઓ હોય છે. | |
| ૧૪ | જ્ઞાનની પર્યાય તેરમાં ગુણસ્થાનમાં પૂર્ણ નિર્મળ થાય છે. | |
| ૧૫ | પોપટ આકાશમાં ઉડે છે તેની ગમનક્રિયા ધર્માસ્તિકાય દ્રવ્યનાં કારણે છે. | |
| ૧૬ | અયોગી કેવળીને શ્વાસોશ્વાસ અને આયુષ્ય બે પ્રાણો હોય છે. | |
| ૧૭ | શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠી ને ૨૫ ગુણ હોય છે. | |
| ૧૮ | T.V. જોવાનું અને સાંભળવાનું એક સાથે થઈ શકે છે. | |
| ૧૯ | કોઈ મનુષ્ય જન્મથી જ આંધળો અને બહેરો હોય તે ત્રણ ઈન્દ્રિય જીવ છે. | |
| ૨૦ | મનઃપર્યય જ્ઞાન ૬ થી ૧૦ ગુણસ્થાન હોય છે. | |
| ૨૧ | પૂ. બહેનશ્રી કહે છે કે બધા તાળાની એક જ ચાવી જ્ઞાયકનો અભ્યાસ કરવો. | |
| ૨૨ | કુંદકુંદ આચાર્યદેવએ સીમંધર તિર્થંકર ભગવાનનો ઉપદેશ સાંભળી શાસ્ત્રની રચના કરેલ છે. | |
| ૨૩ | ગુણની વ્યાખ્યામાં "કાળવાચક" શબ્દનો અર્થ સર્વ અવસ્થાઓમાં થાય છે. | |
| ૨૪ | ઉચ્છવાસ એ નામ કર્મ પ્રકૃતિનો પ્રકાર છે. | |
| ૨૫ | ગંગા નદીમાં સ્નાન કરવાથી ધર્મ થાય એ લોક મૂઢતા છે. | |

શ્રી કહાનગુરૂદેવાય નમ : શ્રી વીતરાગાય નમ : શ્રી ભગવતી માતાય નમ :

# શ્રી સીમંધરસ્વામિ દિગંબર જૈન મંદિર. વિલે–પારલે (મુંબઈ)

અષ્ટાહનિકા પર્વ તા.૧૭/૦૩/૨૦૨૪ થી ૨૫/૦૩/૨૦૨૪

નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂર્ણ કરો.

૧. જેમ પાણી સ્વભાવથી ગરમ નથી, ઠંડુ છે, તેમ આ આત્મા સ્વભાવથી વીતરાગ છે, રાગી–દ્વેષી–મોહી નથી માટે ................છે.
(અવિશેષ, અનન્ય, અસંયુકત)

૨. અંતરાત્માની પર્યાયો જે પ્રગટ છે તેજ વખતે બહિરાત્મા અને પરમાત્માની પર્યાયો શકિત રૂપે ..............છે.(પ્રગટ, અપ્રગટ, અભાવ)

૩. ..........અનાસકિતથી અને કર્મોના ઉદયમાં લાચાર થઈને વિષયભોગ કરે છે.
(મુનિ, મિથ્યાદ્રષ્ટિ, સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થ)

૪. યોગસાર શાસ્ત્રમાં યોગીન્દુદેવએ શાસ્ત્રની શરૂઆતમાંજ સૌથી પહેલા ...........પરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે.(અરિહંત, સિધ્ધ, સાધુ)

૫. તીર્થંકર નામકર્મ પ્રકૃતિ..............ના આશ્રયે હોય છે.
(કેવળી કે શ્રુતકેવળી, બંધમાર્ગ, મોક્ષમાર્ગ)

૬. શુધ્ધ આત્માઓમાં શુધ્ધ પર્યાયો જ પ્રગટ થાય છે કેમ કે અશુધ્ધ પર્યાયો થવા માટે .......... દ્રવ્યનું કોઈ નિમિત નથી. (પુદગલ, કાળ, આકાશ)

૭. શરીરનાં નાશથી મારુ મરણ થયુ માની અજીવ અવસ્થાને જીવ પોતાની આવસ્થા માને છે તે ...............તત્વ સબંધી ભૂલ છે.(અજીવ, જીવ, મોક્ષ)

૮. પાંચ સમવાયમાં પૂ. ગુરૂદેવશ્રી ............ઉપર ભાર મુકતા હતા.
(સ્વભાવ, કાળલબ્ધિ, પુરૂષાર્થ)

૯. જે અવસ્થાઓ દ્વારા અને જે રીતે જીવ જોવામાં આવે છે તેવીજ રીતે શોધી જાણી લેવામાં આવે તે અવસ્થાને ..............સ્થાન કહે છે.(જીવ, માર્ગણા, ગુણ)

૧૦. જિનેન્દ્ર પૂજા કરવાનું પ્રયોજન ...............પ્રાપ્ત કરવા માટે છે.
(ઉત્કૃષ્ટ પુણ્ય, દેવગતિ, વીતરાગતા)

૧૧. છ કારકોમાં માટી સ્વયં ઘડારૂપ થઈ તેમાં ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતેજ ઘડાનું .......છે. (કર્તા, સંપ્રદાન, કર્મ)

૧૨. વેલણથી રોટલી વણાય એમ માનનાર .........અભાવ ભુલે છે.
(અન્યોન્ય, અત્યંત, પ્રાગ)

૧૩. આ લીલુ છે, આ પીળુ છે, ઈત્યાદિ વિકલ્પરૂપે જ્ઞેય પદાર્થોમાં પરિણમવું તે ............નો ભોગવટો છે. (જ્ઞાન, સ્વભાવ, કર્મ)

૧૪. સમ્યકરત્નત્રય મોક્ષ માર્ગ છે કે નહિ એમ વિકલ્પ કરીને એક પક્ષનું ગ્રહણ ન કરવુ તે .............મિથ્યાત્વ છે.(સંશય, વિપરિત, અજ્ઞાન)

૧૫. ૪ થી ૬ ગુણસ્થાન વધતો વધતો .........ઉપયોગ છે.(અશુભ, શુભ, શુધ્ધ)

૧૬. .............ગુણસ્થાન સુધી કષાયનો સદભાવ છે. (સાતમા, અગીયારમા, દશમા)

૧૭. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ આ ચારેય દ્રવ્યમાં એક સમાન સદશ....... પર્યાય થયા કરે છે. (મલિન, સ્વભાવ, વિભાવ)

૧૮. ..............વિક્રિયા ઋધ્ધિના બળથી પર્વત, પથ્થર, વૃક્ષ વગેરેની વચમાં થઈ આકાશની જેમ ગમન કરી શકાય છે.( ઈશિત્વ, અપ્રતિઘાત, પ્રાકામ્ય)

૧૯. જ્ઞાનીની અશુભથી છૂટીને શુભમાં પ્રવૃતિ કરવી તેને વ્યવહારનયથી ...........કહે છે. (ચારિત્ર, જ્ઞાન, દર્શન)

૨૦. સંજવલન કષાયનો મંદ ઉદય સાતમામાંથી ..........ગુણસ્થાન સુધી રહે છે. (બારમા, દશમા, તેરમા)

૨૧. વૈભાવિક ગુણની વૈભાવિક અને સ્વાભાવિક અવસ્થાઓ...........થાય છે. (ક્રમપુર્વક, અક્રમપૂર્વક, એકીસાથે)

૨૨. અઢી દ્રીપમાં ઓછામાં ઓછા ............તીર્થંકર હોય છે.(૧૭૦, ૨૦, ૨૪)

૨૩. જ્ઞાયિક સમ્યકત્વ.............ગુણ સ્થાન સુધી હોય છે. (૪ થી ૧૪, ૪ થી ૧૨, ૪ થી ૧૩)

૨૪. પૂ. બહેનશ્રી કહે છે કે, ચૈતન્ય ગ્રહણ નથી થતુ માટે તેનું રટણ મૂકવું જોઈએ નહિ, અંતરમાં નાંખેલ..................છે તે અંદરમાંથી કામ કર્યા વિના રહેવાના જ નથી. (શાસ્ત્રજ્ઞાન, સંસ્કાર, શુભક્રિયા)

૨૫. ક્ષેત્ર ઋધ્ધિના ...........ભેદ છે. (બે, ચાર, આઠ)

૨૬. ૮૪ લાખ યોનિમાં મનુષ્યોની ..........લાખ યોનિ છે. (૧૪, ૭, ૪)

૨૭. ૨૨ પરિષહજયમાં જ્ઞાનની અધિકતા હોવા છતાં પણ માન ન કરવુ તે .........પરિષહજય છે. (પ્રજ્ઞા, અલાભ, અજ્ઞાન)

૨૮. સૌધર્મ એ ..........દેવનો પ્રકાર છે.(કલ્પવાસી, અનુદિશ, અનુતર)

૨૯. કર્તા કર્મપણુ ત્યારે જ બને છે જયાં ...............પણુ હોય છે. (નિમિત–ઉપાદાન, કાર્યકારણ, વ્યાપ્ય વ્યાપક)

૩૦. મનુષ્ય અને તિર્યંચ પ્રત્યે મમત્વબુધ્ધિથી કરૂણા થવી તે.............છે. (અગૃહિત મિથ્યાત્વ, પ્રમાદ, ગૃહિત મિથ્યાત્વ)